# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




# ડાકોર તરફ જતાં માર્ગો ‘જય રણછોડ’ના નાદથી ગુંજ્યાં







તસવીર: જશવંતસિંહ રાઠોડ

**રાસ્કા ચેકપોસ્ટથી** પદયાત્રીઓનો ખેડા જિલ્લામાં પ્રવેશ

**બાવન ગજની ધજા** સાથે શ્રદ્ધાળુઓનો અવિરત પ્રવાહ

(પ્રતિનિધિ) નડિયાદ તા.28

યાત્રાધામ ડાકોરમાં આગામી ફાગણી પૂનમના પવિત્ર પર્વને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. અમદાવાદ સહિત આસપાસના વિસ્તારોમાંથી લાખોની સંખ્યામાં પદયાત્રીઓ પગપાળા ડાકોર તરફ કૂચ કરી રહ્યા છે, જેના કારણે વાતાવરણ ભક્તિમય બની ગયું છે.

મહેમદાવાદ તાલુકાના રાસ્કા ચેકપોસ્ટ ખાતે શનિવારે વહેલી સવારથી જ પદયાત્રીઓએ ખેડા જિલ્લાની સરહદમાં પ્રવેશવાનું શરૂ કર્યું હતું. હાથમાં 52 ગજની ધજાઓ અને મુખમાં ‘જય રણછોડ માખણચોર’ના ગગનભેદી નાદ સાથે શ્રદ્ધાળુઓ આગળ વધી રહ્યા છે. ખાસ કરીને અમદાવાદ-ડાકોરને જોડતા તમામ માર્ગો અત્યારે પદયાત્રીઓના પ્રવાહથી ઉભરાઈ રહ્યા છે.

આ વર્ષે પદયાત્રીઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અનેક મંડળો ધોળી ધજાઓ સાથે પદયાત્રામાં જોડાયા છે. છેલ્લા આઠ વર્ષથી નિયમિત આવતા કેટલાક પદયાત્રીઓએ જણાવ્યું હતું કે, તેઓ દર વર્ષે દર્શનાર્થે આવે છે, પરંતુ આ વર્ષે પ્રથમ વખત પર ગજની ધજા સાથે ડાકોર તરફ પ્રયાણ કર્યું છે. નાના-મોટા તમામ વયના લોકો આ લાંબી યાત્રામાં જોડાયા છે, છતાં ડાકોરના ઠાકોર પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને કારણે તેમના ઉત્સાહમાં કોઈ ઘટાડો જોવા મળતો નથી.

### સેવા કેમ્પો દ્વારા સુવિધાઓનો વરસાદ

પદયાત્રીઓની સુવિધા માટે અમદાવાદ-ડાકોર માર્ગ પર ઠેર-ઠેર સેવાયજ્ઞો શરૂ કરવામાં આવ્યા છે. મહેમદાવાદના રાસ્કા, આમસરણ, કનીજ અને ખાત્રજથી મહુધા તરફ જતા માર્ગ પર સેવાભાવી સંસ્થાઓ અને ગ્રામજનો દ્વારા વિસામાના ટેન્ટ ઊભા કરાયા છે. ગ્રામજનો અને સેવાભાવી સંસ્થાઓ પોતાની શક્તિ મુજબ પદયાત્રીઓની સેવા કરી પુણ્યનું ભાથું બાંધી રહ્યા છે. માર્ગો પર ભક્તિ અને સેવાનો આ સંગમ ફાગણી પૂનમની ભવ્યતામાં વધારો કરી રહ્યો છે.



- **રહેવા અને જમવાની વ્યવસ્થા :** જમવાનું, ચા-નાસ્તો અને રાત્રિ રોકાણ માટે ગાદલા-પથારીની વ્યવસ્થા.
- **તબીબી સેવા:** થાકેલા પદયાત્રીઓ માટે મેડિકલ કેમ્પ અને આરામ માટે ખાસ ડોમ.
- **અન્ય સુવિધા:** પીવા માટે ઠંડા પાણીની સગવડ ઉપલબ્ધ કરાવાઈ છે.

# નડિયાદમાં યુવક અને મહિલા પર પટ્ટા-લાકડા વડે જીવલેણ હુમલો

**પાડોશમાં રહેતી** મહિલા સાથે વાત કરતા યુવકને પતિ અને સંબંધીએ આંતરી ઢોર માર માર્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.28

નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં પીજ રોડ કેનાલ પાસે ચારિત્ર્યની શંકાના મુદ્દે લોહિયાળ ઝઘડો થયો હતો. આણંદના એક 21 વર્ષીય યુવકને તેની પાડોશમાં રહેતી મહિલા સાથે વાત કરતા જોઈ ઉશ્કેરાયેલા પતિ અને તેના સંબંધીઓએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

આણંદના બાકરોલ રોડ પર રહેતો અને ડીજેનો વ્યવસાય કરતો હર્ષકુમાર સરગરા પોતાની એક્ટિવા લઈને નડિયાદ પીજ રોડ કેનાલ પાસેથી પસાર થઈ રહ્યો હતો. આ સમયે તેની પાડોશમાં રહેતી નીલમબેન ત્યાં મળી જતા હર્ષકુમારે એક્ટિવા ઊભી રાખી તેમની સાથે વાતચીત શરૂ કરી હતી. દરમિયાન નીલમબેનનો પતિ કમલેશ મારવાડી ત્યાં આવી પહોંચ્યો હતો અને પત્ની તથા હર્ષકુમાર વચ્ચેના સંબંધો પર શંકા રાખી અપશબ્દ કહ્યાં હતાં. બાદમાં કમલેશે તુરંત જ નડિયાદના દેરી રોડ પર રહેતા તેના સંબંધી ઉમેશ અને રીન્કુને સ્થળ પર બોલાવી લીધા હતા. આ ત્રણેય શખ્સોએ ભેગા મળી હર્ષકુમાર પર લાકડાના દંડા અને કમરના પટ્ટા વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઝઘડામાં વચ્ચે પડેલા નીલમબેનને પણ તેમના પતિ કમલેશે લાકડાનો દંડો ફટકાર્યો હતો, જ્યારે રીન્કુએ તેમના વાળ પકડી ગડદાપાટુનો માર માર્યો હતો.

દરમિયાન કમલેશે અચાનક હર્ષકુમારનો મોબાઈલ ફોન પણ પછાડીને તોડી નાખ્યો હતો અને આ ઝપાઝપી દરમિયાન હર્ષકુમારના ગળામાં પહેરેલી સોનાની ચેઈન ક્યાંક પડી ગઈ હતી. લોકોના ટોળા એકઠા થતા ત્રણેય હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી ભાગી ગયા હતા. આ મામલે નડિયાદ પશ્ચિમ પોલીસે કમલેશ મારવાડી, ઉમેશ મારવાડી અને રીન્કુ મારવાડી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## નડિયાદ પાસે ટ્રક પાછળ બાઈક ઘુસી જતા એકનું મોત

(પ્રતિનિધિ) નડિયાદ, તા. 28

નડિયાદ-કપડવંજ હાઈવે પર બાર મહુડી પાટીયા પાસે ગત રાત્રે સાડા દસ વાગ્યાના સુમારે અકસ્માત સર્જાયો હતો. રોડ પર કોઈપણ જાતના રિફ્લેક્ટર કે પાર્કિંગ લાઈટ વગર ઉભેલી ટ્રક (GJ 07 TT 5211) પાછળ બાઈક ધડાકાભેર અથડાતા નડિયાદના આનંદકુમાર સરગરાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે સવાર પત્ની ગીતાબેનને ગંભીર ઈજાઓ થતા નડિયાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. નડિયાદ રૂરલ પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ મહાનગરપાલિકાની અસર જિલ્લા પંચાયતની બેઠક પર પડી

# ખેડા જિ. પંચાયતમાં 2 બેઠકો ઘટી, OBCને 14 બેઠક ફાળવી

**વસતીના આધારે** સીમાંકન અને રોટેશન પદ્ધતિથી બેઠકોની ફાળવણી કરવામાં આવી

(પ્રતિનિધિ) ખેડા તા.28

ખેડા જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીઓ માટે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મતદાર મંડળોની રચના અને અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ નવા જાહેરનામા મુજબ, ગત ચૂંટણીની સરખામણીએ બેઠકોની સંખ્યામાં બેનો ઘટાડો થયો છે અને હવે કુલ 42 બેઠકો માટે નવું સીમાંકન અને અનામતની જોગવાઈઓ અમલી બનાવવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગે ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની વિવિધ કલમો હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ ચૂંટણી પ્રક્રિયાનો માર્ગ મોકળો કર્યો છે.

ખેડા જિલ્લા પંચાયત વિસ્તારની કુલ 15,50,379 વસતીને ધ્યાનમાં રાખીને બેઠકોનું વિભાજન કરવામાં આવ્યું છે. આ મુજબ, બેઠક દીઠ સરેરાશ 39,914ની વસતી નક્કી કરાઈ છે. આયોગે વહીવટી સરળતા માટે વસતીમાં 20 ટકા સુધીની વધઘટની છૂટછાટ આપી છે, જેના કારણે મતદાર મંડળની મહત્તમ વસતી 44,297 અને લઘુત્તમ વસતી 29,531 સુધી રહી શકે છે. જોકે, ભૌગોલિક અનિવાર્યતાને કારણે આંત્રોલી, કુણી, લસુન્દ્રા, પાલી અને પીઠાઈ જેવા મતદાર મંડળોમાં 20 ટકાથી વધુ વધઘટને પણ આયોગે ખાસ કિસ્સામાં માન્ય રાખી છે.

### વૈજ્ઞાનિક પદ્ધતિથી ફાળવણી કરવામાં આવી

અનામત બેઠકોની ફાળવણી માટે આ વખતે ખાસ વૈજ્ઞાનિક પદ્ધતિ અને રોટેશનનો ઉપયોગ કરાયો છે. અનુસૂચિત જાતિ અને આદિજાતિ માટે જે તે વિસ્તારમાં વસતીની ટકાવારી મુજબ ‘ખાસ ક્રમાંક’ આપીને ફાળવણી કરવામાં આવી છે. જ્યારે ઓબીસી અને મહિલા અનામત માટે રોટેશન પદ્ધતિ અપનાવાઈ છે. મહત્વનું છે કે, મતદાર મંડળોના નામ જે તે વિસ્તારના સૌથી વધુ વસતી ધરાવતા ગામના નામ પરથી અને અંગ્રેજી કક્કાવારી મુજબ રાખવામાં આવ્યા છે.

- સામાન્ય વર્ગ: 28 બેઠકો (જેમાં 14 સ્ત્રી અનામત)
- ઓબીસી : 11 બેઠક (જેમાં 6 સ્ત્રી અનામત)
- અનુસૂચિત જાતિ (SC) : 2 બેઠક (જેમાં 1 સ્ત્રી અનામત)
- અનુસૂચિત આદિજાતિ (ST) : 1 બેઠક (સામાન્ય)
- કુલ મહિલા અનામત: 21 બેઠકો

### ખેડા જિલ્લા પંચાયતમાં કઇ કઇ બેઠક હશે ?

અલવા (સામાન્ય સ્ત્રી), અલીણા (સામાન્ય સ્ત્રી), અનારા (સામાન્ય સ્ત્રી), અંઘાડી (સામાન્ય સ્ત્રી), અંતિસર (ઓબીસી સ્ત્રી), આંત્રોલી (ઓબીસી), બારમુવાડા (ઓબીસી સ્ત્રી), બેટાવાડા (ઓબીસી સ્ત્રી), છીપડી (ઓબીસી સ્ત્રી), દેવકી વણસોલ (ઓબીસી), ઢુંણાદરા (ઓબીસી સ્ત્રી), હરિયાળા (ઓબીસી સ્ત્રી), કાલસર (ઓબીસી), કનીજ (ઓબીસી), કુણી (ઓબીસી), લસુન્દ્રા (સામાન્ય સ્ત્રી), લેટર (અનુસૂચિત જાતિ), લીંબાસી (સામાન્ય સ્ત્રી), મહિજ (અનુસૂચિત આદિજાતિ), મહોળેલ (સામાન્ય સ્ત્રી), માંકવા (સામાન્ય સ્ત્રી), મરીડા (સામાન્ય), માસરા (સામાન્ય), માતર (સામાન્ય સ્ત્રી), મોદજ (સામાન્ય), પાલી (સામાન્ય), પીજ (સામાન્ય), પીપળાતા (સામાન્ય), પીપલવાડા (સામાન્ય), પીઠાઇ (સામાન્ય), રઢુ (સામાન્ય સ્ત્રી), રાણીયા (સામાન્ય), રવદાવત (સામાન્ય), રૂદણ (સામાન્ય), સંધાણા (સામાન્ય), સીંજીવાડા (સામાન્ય), સોડપુર (સામાન્ય), ઉંદરા (સામાન્ય), વડતાલ (સામાન્ય સ્ત્રી), વડથલ (સામાન્ય સ્ત્રી), વસો (સામાન્ય સ્ત્રી), વાંઘરોલી (અનુસૂચિત જાતિ સ્ત્રી).

# આણંદ જિ. પંચાયતના શાસકોની છેલ્લી સભા 2જી માર્ચે યોજાશે

**17મી માર્ચના** રોજ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની પાંચ વર્ષની મુદત પૂર્ણ

(પ્રતિનિધિ) આણંદ તા 28

આણંદ જિલ્લા પંચાયતનું 2026-27ના વર્ષનું બજેટ બીજી માર્ચના રોજ જીલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાનારી છેલ્લી સામાન્ય સભામાં રજૂ થનાર છે. બીજી માર્ચ સોમવારે બપોરે જિલ્લા પંચાયત હોલ ખાતે બજેટ સહિતના કામો માટે બેઠક મળશે. બેઠકના એજન્ડામાં એક માત્ર અંદાજપત્ર રજૂ કરવાના એજન્ડાનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે પ્રમુખ સ્થાનેથી અન્ય કામો રજૂ થવાની શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી તારીખ 17માર્ચ, 2026ના રોજ આણંદ જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્યોની પાંચ વર્ષની મુદત પૂરી થનાર છે. એટલે તા. 2 માર્ચના રોજ યોજાનાર સામાન્ય સભાની બેઠક છેલ્લી બેઠક છે. જોકે આ છેલ્લી બેઠકને લઈ જિલ્લા પંચાયત સભ્યોમાં ભારે ઉત્તેજના પ્રવર્તી રહી છે. બજેટ ક્યા પ્રકારનું હશે ? અને ચૂંટણી આવી રહી છે, ત્યારે પોતાના મત વિસ્તારના વિકાસના કામો પાછળ કેટલી રકમ ગ્રાન્ટ ફાળવાશે ? તે સઘળી બાબતોને લઈ જિલ્લા પંચાયતના સભ્યોમાં ભારે ઉચાટ વ્યાપ્યો છે.

આણંદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ, દવાખાના તેમજ સમાજલક્ષી પ્રવૃત્તિ અને સમાજ સેવા પાછળ રૂા. 50 હજાર અને તેથી વધુ રકમનું દાન મળ્યું છે. આ દાતાઓનું સામાન્ય સભાની બેઠક દરમિયાન સન્માન કરવામાં આવનાર છે. તેમ જિલ્લા પંચાયતના પ્રમુખ હસમુખ પટેલે જણાવ્યું હતું.

# ટેમ્પો અને બાઈક વચ્ચેની ટક્કરમાં યુવાનનું મોત

**લીંબાસી-તારાપુર** રોડ પર ગાય આડી ઉતરતા ટેમ્પી પલટી

(પ્રતિનિધિ) નડિયાદ તા.28

ખેડા જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં માર્ગ અકસ્માતોની બે ગમખ્વાર ઘટનાઓ સામે આવી છે. મહેમદાવાદ અને લીંબાસી પાસે સર્જાયેલા અકસ્માતોમાં બે વ્યક્તિઓએ જિંદગી ગુમાવી છે,

મહેમદાવાદના વાંઠવાળી ગામ પાસે બની હતી. અહીં વરસોલા જઈ રહેલા બે યુવાનોની બાઈકને સામેથી આવતા ટેમ્પોએ (GJ 07 UU 8110) જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કાસિમ શાહ નામના યુવાનનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું, જ્યારે તેની સાથેના અન્ય યુવાન જીસાન ભિસ્તીને વધુ સારવાર માટે નડિયાદ રિફર કરવામાં આવ્યો છે.

લીંબાસી-તારાપુર રોડ પર સરકારી દવાખાના પાસે અચાનક ગાય આડી ઉતરતા એક લોડિંગ ટેમ્પી (GJ 23 AV 5413) પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં તારાપુરના ચાલક મુનાફભાઈ વ્હોરાનું ગંભીર ઈજાઓને કારણે મોત થયું હતું, જ્યારે ટેમ્પીમાં સવાર દિનેશભાઈ વાલ્મિકને કમરના ભાગે ઈજાઓ પહોંચી હતી.

# ખેડાના ટોલ પ્લાઝા અને રેલવે સ્ટેશન પરથી બાળકોનું રેસ્ક્યુ કરાયું

**હાઈવે પર જોખમી** રીતે વસ્તુઓ વેચતા અને ભીખ માંગતા બાળકોના વાલીઓનું કાઉન્સેલિંગ કરાયું

(પ્રતિનિધિ) ખેડા તા.28

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સંચાલિત ‘મિશન વાત્સલ્ય’ યોજના હેઠળ ખેડા જિલ્લામાં ચાઈલ્ડ હેલ્પલાઈન 1098 દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. તાજેતરમાં ટીમ દ્વારા ટોલ પ્લાઝા પર જોખમી રીતે વસ્તુઓ વેચતા અને રેલવે સ્ટેશન પાસે ભીખ માંગતા બાળકોને શોધી કાઢી, તેમને સુરક્ષિત કરી વાલીઓને સોંપવામાં આવ્યા હતા.

ખેડા પાસેના ટોલ પ્લાઝા હાઈવે પર કેટલાક બાળકો પાણીની બોટલ અને નાસ્તાના પડીકા વેચવા માટે વાહનોની અવરજવર વચ્ચે દોડધામ કરી રહ્યા હતા. આ બાળકોને અકસ્માત થવાની શક્યતા જોઈ એક જાગૃત નાગરિકે 1098 પર કોલ કર્યો હતો. નડિયાદ સ્થિત ચાઈલ્ડ હેલ્પ લાઈન ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી બાળકોને તેમના વાલીઓ પાસે પહોંચાડ્યા હતા. ટીમે વાલીઓને સમજાવ્યું હતું કે આવી મજૂરીથી બાળકોને ગંભીર ઈજા, અપંગતા કે મૃત્યુનું જોખમ રહેલું છે. વાલીઓએ પોતાની ભૂલ સ્વીકારી બાળકો પાસે આવી પ્રવૃત્તિ ન કરાવવાની ખાતરી આપી હતી.

બીજા કિસ્સામાં, નડિયાદ રેલવે સ્ટેશન પાસે બે બાળકો ભીખ માંગતા મળી આવ્યા હતા. ટીમની તપાસમાં જાણવા મળ્યું કે આ બાળકો શિક્ષણ મેળવવાની ઉંમરે પોતાની કારકિર્દીથી વંચિત રહી રહ્યા છે. ટીમે આ બાળકોને તેમની માતા પાસે લઈ જઈને સમજાવ્યા હતા કે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને ભીખ માંગવાને બદલે અભ્યાસમાં ધ્યાન અપાવવું જરૂરી છે. આ કાઉન્સિલરથી વાલી સહમત થયાં હતાં.




### હેલ્પલાઈન 24 કલાક વિનામૂલ્યે સેવા આપે છે

નોંધનીય છે કે, જીલ્લા બાળ કલ્યાણ સમિતિ અને જીલ્લા બાળ સુરક્ષા એકમના માર્ગદર્શન હેઠળ કાર્યરત આ હેલ્પલાઈન બાળ મજૂરી, બાળ લગ્ન, ભિક્ષુક પ્રથા અને બાળ હિંસા જેવા કિસ્સાઓમાં ૨૪ કલાક વિનામૂલ્યે સેવા આપે છે. કોઈપણ જરૂરિયાતમંદ બાળકની સુરક્ષા માટે 1098 નંબર પર સંપર્ક કરી શકાય છે.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225